8

ડો, આંબેડકર ભવન,બોટાદના મકાન
બાંધકામ કરવા માટે વર્ષ-૨૦૧૭-૧૮ની નવી
બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅબડ/૧૦૧૬/૭૦૪૭૬૫(નબા-૨૩)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૮ /૪/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા: ૨૦/૧૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક: અજાક-મ-૪-૪૮૨-૨૦૧૬-૬૬૫૧-૬૬૫૨

ઠ રા વઃ-

ડો, આંબેડકર ભવન, બોટાદના મકાન બાંધકામ માટે વર્ષ-૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં રૂ.૧૦૦.૦૦ લાખ ની નવી સેવાનો સમાવેશ કરવા માટે વંચાણે લીધા ક્રમ-૧ પરના તા.૧૯-૯-૨૦૧૬ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે દરખાસ્ત કરેલ હતી. જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી ડો,આંબેડકર ભવન, બોટાદના મકાન બાંધકામ માટે નવી બાબત તરીકે માંગણી ક્રમાંક-૯૫, મુખ્ય સદર-૪૨૨૫-૦૧-૮૦૦-૦૧ હેઠળ અંદાજીત ખર્ચ રૂ. ૩૦૫.૭૫ લાખની નવી બાબત રજુ કરી તેની સામે વર્ષ ૨૦૧૭-૧૮નાં અંદાજપત્રમાં રૂ.૧૦૦/- લાખની જોગવાઇ મંજુર રહેલ હોઇ, તેમજ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભાવનગરે એસ.ઓ.આર-૨૦૧૫-૧૬ આધારિત કુલ અંદાજીત ખર્ચ રૂ.૩૦૫.૭૫ લાખનાં બ્લોક એસ્ટીમેટ તથા પરિશિષ્ટ-ક પુરા પાડેલ હોઇ, ડો,આંબેડકર ભવન ,બોટાદના મકાન બાંધકામ કરવા માટેનાં કુલ અંદાજીત ખર્ચ રૂ. ૩૦૫.૭૫ (અંકે રૂપિયા ત્રણ કરોડ પાંચ લાખ પંચોતેર હજાર પુરા) પૈકી વર્ષ ૨૦૧૭-૧૮નાં અંદાજપત્રમાં થયેલ જોગવાઇ રૂ.૧૦૦/- લાખ (અંકે રૂપિયા એક કરોડ પુરા) ની નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(3) બાંધકામના કામોમાં પીડબ્લ્યુડી મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી,પુરાતત્વ ખાતું, વન પર્યાવરણ વિભાગ,પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડીઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું લપાલના કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગ્ના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાનીપૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પ્રર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો /પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૧) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલના કરવાનું રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫ આયોજન સેકટર(ખ) સામાજિક સેવાઓ મુખ્ય સદર- ૪૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ પેટા સદર ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,ગૌણ સદર- ૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર-૦૧SCW-33 ડો.આંબેડકર ભવન ફાઉન્ડેશન બાંધકામ હેડ ચાર્જેબલ-૪૨૨૫ ૦૧ ૮૦૦ ૦૧ બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૧૨-૪-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલરવાના:-

માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન છોટાઉદેપુર, જિ.ભાવનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.ભાવનગર
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) જિ. ભાવનગર
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.ભાવનગર
બજેટ શાખા, તથા કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.